ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

ધોરણ-૧૨(સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમા)

ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૭ ની જાહેર પરીક્ષાના આવેદનપત્રો ઓનલાઈન ભરવા માટેની સુચના

સમયગાળો:- તા: ૦૪-૧૧-૨૦૨૬ થી તા: ૦૩-૧૨-૨૦૨૬

આ સૂચનાઓનો સંપૂર્ણ અભ્યાસ કરીને જ આવેદનપત્રો ભરવા

➢ આવેદનપત્ર ભરતા પહેલાની પૂર્વ તૈયારી માટેની સુચના :

- ✓ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમા ધોરણ-૧૨ ની ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૭ ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર નિયમિત, રીપીટર (પુનરાવર્તિત), પૃથ્થક, GSOS નિયમિત, GSOS રીપીટર(GSOS પુનરાવર્તિત) ઉમેદવારના આવેદનપત્રો પ્રવર્તમાન વિષય માળખા મુજબ શાળા કક્ષાએથી જ ફરજીયાત ઓનલાઇન ભરવાના રહેશે.
- ✓ **શાળાના આચાર્યશ્રીને ખાસ જણાવવાનું કે આવેદનપત્રમાં ભરવામાં આવેલી માહિતીની ખરાઇ વિદ્યાર્થી અને વાલી સાથે કરાવવાની રહેશે અને ત્યારબાદ જ Principal Approval કરવાનું રહેશે. આવેદનપત્રની એક નકલ શાળા પાસે સાચવી રાખવાની રહેશે અને એક નકલ વિદ્યાર્થીને ફરજીયાત આપવાની રહેશે. વિદ્યાર્થીને તેને લાગુ પડતા અભ્યાસક્રમની સમજુતી પણ આપવાની રહેશે.**
- ✓ ઓનલાઇન ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરતા પહેલા તમામ ઉમેદવારોના ફોટોગ્રાફ અને સહી(signature) તથા અન્ય જરૂરી આધારો(documents) સ્કેન કરી તેમના ટૂંકા નામથી અથવા જી.આર નંબર પ્રમાણે save કરી એક ફોલ્ડરમાં અગાઉથી મુકી રાખવા.
- ✓ ફોટોગ્રાફની ઇમેજ 100 PXL(W) × 120 PXL(H) તથા તેની સાઇઝ 5 KB થી વધુ અને 20 KB થી ઓછી હોવી જોઇએ. તે જ પ્રમાણે પ્રત્યેક ઉમેદવારની સહી કાળી સહીથી કરાવવી. સ્કેન કરી અલગ ફોલ્ડરમાં ઉમેદવારના ટૂંકા નામથી save કરી રાખવી. તેની સાઇઝ પણ 5 KB થી વધુ અને 20 KB થી ઓછી હોવી જોઇએ. સહીની ઇમેજ 100 PXL(W) × 120 PXL(H) તથા 5 KB થી વધુ અને 20 KB થી ઓછી હોવી જોઇએ. (ઇમેજ **Browse** કરી **upload** પર ક્લીક કરવાથી **Upload** કરેલી **Image ફોર્મ** પર દેખાશે)
- ✓ ધો. ૧૦ની માર્કશીટની ઇમેજની સાઈઝ 5 KB થી વધુ અને 100 KB થી ઓછી હોવી જોઇએ.
- ✓ જો આપની શાળામાં દિવ્યાંગ ઉમેદવાર હોય તો તેના મેડીકલ સર્ટીફીકેટ પણ save કરી રાખવાનાં રહેશે. સર્ટીફીકેટની ઇમેજ સાઈઝ 20 KB થી વધુ અને 200 KB થી ઓછી હોવી જોઇએ.
- ✓ ધો-૧૦ના ગુ.મા અને ઉ.મા.શિ.બોર્ડ સિવાયના અન્ય બોર્ડના વિદ્યાર્થીઓના માઇગ્રેશન અને સમકક્ષતાના સર્ટીફીકેટ / DEOશ્રી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર સ્કેન કરી 15 KB થી વધુ અને 100 KB સાઇઝમાં Save કરીને રાખવા. સૂચના મુજબ Upload કરવાના રહેશે.
- ✓ ઓનલાઇન આવેદનપત્ર ભરવાનો સમયગાળો તા:૦૪-૧૧-૨૦૨૬ થી તા.૦૩-૧૨-૨૦૨૬ રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી રહેશે.

➢ <u>શાળા રજીસ્ટ્રેશન</u>:

શાળા રજીસ્ટ્રેશનમાં લોગીન કરવા માટે **Login ID** માં એચ.એસ.સી શાળાનો સ્કુલ ઇન્ડેક્ષ નંબર લખવાનો રહેશે અને ૨૦૨૫-૨૦૨૬ માં નવી મંજુર થયેલી અને વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનો નવો વર્ગ શરૂ કરેલ હોય તેવી <u>**સરકારી તથા ગ્રાન્ટેડ**</u> શાળાઓએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મારફતે ફાળવવામાં આવેલ ઇન્ડેક્ષ નંબર અને પાસવર્ડનો ઉપયોગ કરવાનો રહેશે. જો પાસવર્ડ મેળવ્યો ન હોય તો પોતાના જિલ્લાના **DEO** કચેરીમાંથી પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. **(નોંધઃ-Student Exam** ના ફોર્મ ભરતાં પહેલા પોતાની સ્કૂલની **Online School Registration, School Information Updation in Mobile App, Teacher Registration અને Inspection Report** ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. ત્યાર બાદ જ આવેદનપત્રો ભરી શકાશે.**(ફકત જુન-૨૦૨૫ થી નવી શરૂ થયેલ શાળાઓએ મળેલ નવા Index Number તથા પાસવર્ડના આધારે શાળા રજીસ્ટ્રેશન કરવાનું રહેશે અને ત્યારબાદ DEO કચેરીએથી Online Verification કરાવવાનું રહેશે.)** અગાઉના વર્ષોમાં નોંધાયેલી શાળાઓએ પોતાના ઇન્ડેક્ષ નંબર અને પાસવર્ડ દ્વારા Login કરવું, જો પાસવર્ડ યાદ ન હોય તો Reset password ના option પર click કરી Registered Mobile Number પર અથવા Email Address પર Reset કરી મેળવી શકાશે. જે સ્વનિર્ભર શાળાઓ દ્વારા ચાલુ વર્ષ માટે ધો.૧૦ નાં પ્રથમ ક્રમિક વર્ગ તરીકે અરજી કરેલ છે તેવી શાળાઓનો index no અને password શાળા દ્વારા અરજીમાં આપવામાં આવેલ શાળાના email address પર મોકલી આપવામાં આવેલ છે. જે શાળાઓને અગાઉ વિજ્ઞાન પ્રવાહની મંજુરી મળી હોય અને તે જ Index number પર સામાન્ય પ્રવાહની ધો-૧૨ ની મંજુરી મળી હોય તેમણે તે જ Index Number અને પાસવર્ડ વાપરવાનો રહેશે.

- <u>**ખાસ નોંધ**</u>:- નવનિર્મિત જિલ્લાઓની શાળાઓ ઓનલાઇન શાળા રજીસ્ટ્રેશન કરતી વખતે નવા ફાળવેલ ઇન્ડેક્ષ નંબર તથા જૂના પાસવર્ડનો ઉપયોગ કરી લોગીન કરી શકાશે તથા પાસવર્ડ રજીસ્ટર્ડ મોબાઇલ નંબર અથવા ઇ-મેઇલ પરથી રીસેટ કરી શકાશે.

<u>શિક્ષક રજીસ્ટ્રેશન :-</u>

શિક્ષક રજીસ્ટ્રેશન કર્યા બાદ જ વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરી શકાશે. આચાર્યશ્રીઓને જણાવવાનું કે આપની શાળાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક (વિજ્ઞાનપ્રવાહ/સામાન્ય પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહ/ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ) શાળાના મંજુર વર્ગોના આધારે નિયત મહેકમ અનુસાર નિમણૂંક પામેલા શિક્ષકોના રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવવાના રહેશે.

આ માહિતી ભર્યા બાદ ભરેલ વિગતોની ખરાઇ આચાર્યશ્રી તેમજ સંબંધિત શિક્ષકે કરવાની રહેશે અને તેની એક નકલ શિક્ષકને આપવાની રહેશે.

નવા જોડાયેલ તમામ શિક્ષકોની નોંધણી ફરજીયાત છે. તેમજ નિવૃત, રાજીનામું, અવસાન કે અન્ય કોઈ કારણોસર શાળામાંથી કમી થયેલા શિક્ષકોની નોંધણી રદ કરવા (Inactive) અંગે કાર્યવાહી કરવી. શૈક્ષણિક અનુભવ અને બેન્ક એકાઉન્ટની વિગતો પુન: ચકાસી અને સુધારો કરવો. સામાન્ય/વિજ્ઞાન પ્રવાહના કોઇ શિક્ષકની માહિતી ભરવાની બાકી હોય તો Teacher Registration Unlock કરાવવા માટે teachergseb@gmail.com પર શાળા Index Number સાથેની શાળાના લેટરપેડ પર શાળાના આચાર્યશ્રીના સહી અને સિક્કા સાથે અરજી મોકલવાની રહેશે.

- Total Teaching Experience: ની સામે 31st May, 2027 ના રોજ સુધીનો શિક્ષક તરીકેનો કુલ અનુભવ ભરવાનો રહેશે.
- "Teaching Experience In Secondary" ની સામે 31st May,2027 ના રોજ સુધી માધ્યમિક શાળામાં શિક્ષક તરીકેનો કુલ અનુભવ ભરવાનો રહેશે.
- "Teaching Experience In Higher Secondary" ની સામે 31st May,2027 ના રોજ સુધી ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક તરીકેનો કુલ અનુભવ ભરવાનો રહેશે.

Preferred Subject-1 અને Preferred Subject-2 ભરતી વખતે શિક્ષક જે વિષયનું શિક્ષણ કાર્ય કરતા હોય તે વિષય(વિષયકોડ) અને જે તે વિષય ભણાવવાનો અનુભવ ચોકસાઇપૂર્વક ભરવાનો રહેશે.
ઉ.દા. તરીકે શિક્ષક દ્વારા ગુજરાતી પ્રથમ ભાષા છેલ્લા પાંચ વર્ષથી ભણાવવામાં આવતી હોય તો Preferable Subject1 ની સામે વિષયકોડ 001-Gujarat(F.L) સિલેકટ કરવાનો રહેશે અને Experience of Subject 1 ની સામે અનુભવના વર્ષ 5 ભરવાના રહેશે. જેની ગણતરી પણ 31st May,2027 ના દિવસે થતા અનુભવ મુજબ કરવાની રહેશે. તથા Teacher Registration Portal પર વિગતવાર આપેલ સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

ઓનલાઇન આવેદનપત્ર ભરવાની પ્રક્રિયા

- ✓ સૌ પ્રથમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઇટ www.gseb.org ઓપન કરવાની રહેશે.
- ✓ તેમાં **Online Student Exam Registration 12th(HSC General)** ના બટન (icon) ઉપર ક્લીક કરવું અથવા નીચે દર્શાવેલ વેબસાઇટ ઓપન કરવી.
  http://hscexamreg.gseb.org
- ✓ ઉપરની વેબસાઇટ પર ક્લીક કરવાથી **STUDENT EXAMINATION REGISTRATION** ફોર્મ નું અલગ પેજ ઓપન થશે.
- ✓ **Login ID** અને **Password** એન્ટર કર્યા પછી **Login** ના **Button** પર ક્લીક કરવું.
- ✓ **Student Examination Registration** ના પેજ પર HSC **General** ધોરણ-૧૨ના વિદ્યાર્થી માટે ફોર્મ ભરવાનું Option દેખાશે, જેના પર ક્લીક કરવાનું રહેશે. તે ક્લીક કરતા **Student Examination Registration** નું ફોર્મ ઓપન થશે. જેમાં જમણી બાજુ આપની શાળાનો સ્કુલ ઈન્ડેક્ષ નંબર, શાળાનું નામ અને શાળાનો **Contact Number** દેખાશે. જે ચકાસી લેવું.

➢ **વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન :-**

- **વર્ષ-૨૦૨૬-૨૦૨૭ થી નામ દર્શાવવાની બાબત અંગે ખાસ નોંધ:-**

  શિક્ષણ વિભાગના તા.૧૮/૦૭/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક:ED/CON/e-file/3/2025/3542/CHH મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક-૧૩ ના નમુના ૯ ના શાળા છોડ્યા પ્રમાણપત્ર અને વિનિયમ ક્રમાંક-૧૨(૧૩) અને ૩૮(૧)(ક)(૧)ના નમુના ૧૦ સામાન્ય રજીસ્ટર(GR) માં વિદ્યાર્થીના પુરા નામમાં અટક છેલ્લે લઇ જવા જણાવેલ છે. જે સંદર્ભે વર્ષ-૨૦૨૬-૨૦૨૭ માં ધોરણ-૧૨ ની પરીક્ષામાં પ્રથમવાર ઉપસ્થિત થનાર(નિયમિત અને GSOS નિયમિત ઉમેદવારોના)બોર્ડની જાહેર પરીક્ષાના આવેદનપત્રો ભરતી વખતે વિદ્યાર્થીનું નામ નીચે મુજબ દર્શાવવાનું થાય છે. જેને ધ્યાને લઇ આવેદનપત્રમાં ધોરણ-૧૦ ના SID ના આધારે આપોઆપ ભરાયેલ માહિતી મુજબ

નિયમિત અને GSOS નિયમિત વિદ્યાર્થીઓ માટે નીચે મુજબ નામ દર્શાવેલ હશે જે ચકાસી લેવું.

સૌપ્રથમ વિદ્યાર્થીનું નામ, ત્યારબાદ પિતા/માતા/વાલીનું નામ અને છેલ્લે અટક દર્શાવવાની રહેશે.

- **Example**:-

First Name	Middle Name	Last Name
Student Name	Father/Mother/Guardian	Surname
Bharat	Mohanbhai	Shah

- વર્ષ-૨૦૨૬ ની પરીક્ષામાં પ્રથમવાર ઉપસ્થિત થયેલ હોય અને અનુત્તિર્ણ હોવાના કારણે વર્ષ-૨૦૨૭ ની પરીક્ષા આપનાર હોય તેવા ઉમેદવારના કિસ્સામાં નામ નીચે દર્શાવ્યા મુજબ રહેશે સૌપ્રથમ વિદ્યાર્થીનું નામ, ત્યારબાદ પિતા/માતા/વાલીનું નામ અને છેલ્લે અટક દર્શાવવાની રહેશે.

Example:-

First Name	Middle Name	Last Name
Student Name	Father/Mother/Guardian	Surname
Bharat	Mohanbhai	Shah

- વર્ષ-૨૦૨૫ અને તેથી અગાઉના વર્ષોના અન્ય વિદ્યાર્થીઓ પુનરાવર્તિત(રીપીટર), GSOS પુનરાવર્તિત(રીપીટર) તથા પૃથ્થક ઉમેદવારના કિસ્સામાં નામ નીચે દર્શાવ્યા મુજબ યથાવત રહેશે.(અટક નામની આગળ દર્શાવવાની રહેશે જે ચકાસી લેવું).

Example:-

First Name	Middle Name	Last Name
Surname	Student Name	Father/Mother/Guardian
Shah	Bharat	Mohanbhai

ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ) ના વિદ્યાર્થીઓના પ્રકાર તથા ઓનલાઇન આવેદનપત્ર ભરવાની મુખ્ય સૂચનાઓ

- **નિયમિત વિદ્યાર્થીઓ,**

૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ધોરણ-૧૦ની પરીક્ષામાં પ્રથમવાર માર્ચ-૨૦૧૮, માર્ચ-૨૦૧૯, માર્ચ-૨૦૨૦, વર્ષ-૨૦૨૧, માર્ચ-૨૦૨૨, માર્ચ-૨૦૨૩, માર્ચ-૨૦૨૪ તથા માર્ચ-૨૦૨૫ માં ઉપસ્થિત થયા હોય એટલે કે ધોરણ-૧૦ માટેનો SID Number (Example:-18S-99-99999 અથવા 19S-99-99999 અથવા 20S-99-99999 અથવા 21S-99-99999 અથવા 22S-99-99999 અથવા 23S-99-99999 અથવા 24S-99-99999 અથવા 25S-99-99999) ધરાવતા હોય અને માર્ચ-૨૦૧૮, જુલાઇ-૨૦૧૮, માર્ચ-૨૦૧૯, જુલાઇ-૨૦૧૯, માર્ચ-૨૦૨૦, જુલાઇ-૨૦૨૦, વર્ષ-૨૦૨૧, માર્ચ-૨૦૨૨, જુલાઇ-૨૦૨૨, માર્ચ-૨૦૨૩ અથવા જુલાઇ-૨૦૨૩, માર્ચ-૨૦૨૪ અથવા જુલાઇ-૨૦૨૪ માર્ચ-૨૦૨૫ અથવા જુલાઇ-૨૦૨૫ માં ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરેલ હોય અને શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭ માં ધોરણ-૧૨ માં પ્રથમવાર સામાન્ય પ્રવાહ/વ્યવસાયલક્ષી

પ્રવાહ/ઉ.ઉ.બુનિયાદી પ્રવાહના નિયમિત પરીક્ષાર્થી તરીકે પરીક્ષામાં ઉપસ્થિત થવા ઇચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ Option Select કરવા

Type of Student : Regular
Stream : : સામાન્ય પ્રવાહ/ વ્યવસાયલક્ષી પ્રવાહ / ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ
Group : લાગુ પડતુ હોય તે
Std 10th Passing board: GSHSEB
First Appearing Year For Std 10th: 2018 અથવા 2019 અથવા 2020 અથવા 2021 અથવા 2022 અથવા 2023 અથવા 2024 અથવા 2025

ત્યારબાદ ધોરણ-૧૦નો SID Number (Example:- 18S-99-99999 અથવા 19S-99-99999 અથવા 20S-99-99999 અથવા 21S-99-99999 અથવા 22S-99-99999 અથવા 23S-99-99999 અથવા 24S-99-99999 અથવા 25S-99-99999) ભરવાનો રહેશે.

ઉપરોકત વિગતો ભરવાથી વિદ્યાર્થીનું પુરુ નામ, જન્મ તારીખ, ધોરણ-૧૦ પાસ કર્યાનો મહિનો-વર્ષ, બેઠક નંબર, બોર્ડ, શાળાનો ઇન્ડેક્ષ નંબર જેવી માહિતી આપો આપ ભરાઇ જશે, જે ચકાસી વિદ્યાર્થીની ધોરણ-૧૦ની અસલ માર્કશીટ સાથે સરખાવી આવેદનપત્ર ભરવાનું રહેશે. જો આ માહિતીમાં કોઇ વિસંગતતા જણાય તો માધ્યમિક વિભાગના નાયબ નિયામકશ્રી (પરીક્ષા)નો સંપર્ક કરવાનો રહેશે.

૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ધોરણ-૧૦ ની પરીક્ષામાં પ્રથમવાર માર્ચ-૨૦૧૭ કે તે પહેલા ઉપસ્થિત થયા હોય એટલે કે ધોરણ-૧૦નો SID Number ના ધરાવતા હોય અને શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭ માં ધોરણ-૧૨માં પ્રથમવાર સામાન્ય પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહ/ઉ.ઉ.બુનિયાદી પ્રવાહના નિયમિત પરીક્ષાર્થી તરીકે પરીક્ષામાં ઉપસ્થિત થવા ઇચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ Option Select કરવા

Type of Student : Regular
Stream : : સામાન્ય પ્રવાહ/ વ્યવસાયલક્ષી પ્રવાહ /ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ
Group : લાગુ પડતુ હોય તે
Std 10th Passing board: GSHSEB
First Appearing Year For Std 10th: 2017 અથવા તે પહેલા જયારે પણ પ્રથમવાર ધોરણ-૧૦ની પરીક્ષામાં ઉપસ્થિત થયા હોય તે વર્ષ Select કરવું.

ત્યારબાદ રાબેતા મુજબનું આવેદનપત્ર તમામ વિગતો સાથે ભરવાનું રહેશે

[જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ની પરીક્ષા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી રીપીટર વિદ્યાર્થી તરીકે વર્ષ-૨૦૧૮ માં કે ત્યારબાદ પાસ કરેલ હોય તેઓએ **Standard 10th passing information** માં Std 10th Exam Cleared in first attempt ? ની સામે **No** Select કરવાનું રહેશે અને ફોર્મમાં તમામ માહિતી ભરવાની રહેશે.]

૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના **અન્ય સમકક્ષ બોર્ડમાંથી ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરેલ હોય** અને શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭ માં ધોરણ-૧૨ માં પ્રથમવાર સામાન્ય પ્રવાહ/ વ્યવસાયલક્ષી પ્રવાહ/ ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ ની પરીક્ષા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી નિયમિત ઉમેદવાર તરીકે આપનાર હોય તેવા વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ Option Select કરવા.

Type of Student : Regular
Stream : : સામાન્ય પ્રવાહ/ વ્યવસાયલક્ષી પ્રવાહ / ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ
Group : લાગુ પડતુ હોય તે
Std 10th Passing board: List માંથી જે તે બોર્ડ Select કરવું

ત્યારબાદ રાબેતા મુજબનું આવેદનપત્ર તમામ વિગતો તમામ દસ્તાવેજો ચકાસી ભરવાનું રહેશે અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે.

- વિદ્યાર્થીની **Student Name, Father/Mother/Guardian's Name, Surname, Date of Birth, Joining Date in School** ટાઇપ કરવાનું ફરજિયાત છે. અન્ય રાજ્યોના/બોર્ડના વિદ્યાર્થીઓ માટે First Name માં Student Name, Middle Name માં Father/Mother/Guardian's Name અને Last Name માં Surname લખવાની રહેશે.માર્કશીટમાં(**Student Name,Father/Mother/Guardian's Name, Surname**) ના ક્રમમાં નામ પ્રિન્ટ થશે. (ચાલુ વર્ષે ગુજરાત બોર્ડ તથા અન્ય રાજ્ય/બોર્ડના વિદ્યાર્થીઓના આવેદનપત્રમાં ધોરણ-૧૦ ની માર્કશીટ મુજબ Student Name ના ખાનામાં Student Name, Father/Mother/Guardian's Name ના ખાનામાં Father/Mother/Guardian's Name તથા Surname ના ખાનામાં Surname લખવાની રહેશે, તેના Spelling માં કોઇ સુધારો કરવાનો રહેશે નહી તથા અટક છેલ્લે લખવાની રહેશે જેની નોંધ લેવી**).**

- **રીપીટર**

૪) માર્ચ-૨૦૧૯ અથવા માર્ચ-૨૦૨૦ અથવા ઓગષ્ટ-૨૦૨૧ અથવા માર્ચ-૨૦૨૨ અથવા માર્ચ-૨૦૨૩ અથવા માર્ચ-૨૦૨૪ અથવા માર્ચ-૨૦૨૫ અથવા માર્ચ-૨૦૨૬ માં પ્રથમવાર ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહ/ઉ.ઉ.બુનિયાદી પ્રવાહની પરીક્ષા નિયમિત ઉમેદવાર તરીકે આપી હોય અને અનુત્તિર્ણ(નાપાસ) રહ્યા હોય અને ફેબ્રુઆરી-૨૦૨૭ માં રીપીટર તરીકે પરીક્ષા આપવા ઇચ્છતા હોય તેવા રીપીટર **વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ Option Select કરવા**. (Example: SID Number :19G–XXXXXX અથવા 20G-XXXXXX અથવા 21G-XXXXXX અથવા 22G-XXXXXX અથવા 23G-XXXXXX અથવા 24G-XXXXXX અથવા 25G-XXXXXX અથવા 26G-XXXXXX)

Type of Student : Repeater
Stream : : સામાન્ય પ્રવાહ/ વ્યવસાયલક્ષી પ્રવાહ / ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ
Group : લાગુ પડતુ હોય તે

Year of First attempt for standard 12th : 2019 અથવા 2020 અથવા 2021 અથવા 2022 અથવા 2023 અથવા 2024 અથવા 2025 અથવા 2026 જે લાગુ પડતુ હોય તે

માર્ચ-૨૦૧૯ અથવા જુલાઇ-૨૦૧૯ અથવા માર્ચ-૨૦૨૦ અથવા જુલાઇ-૨૦૨૦ અથવા વર્ષ-૨૦૨૧ અથવા માર્ચ-૨૦૨૨ અથવા જુલાઇ-૨૦૨૨ અથવા માર્ચ-૨૦૨૩ અથવા જુલાઇ-૨૦૨૩ અથવા માર્ચ-૨૦૨૪ અથવા જુલાઇ-૨૦૨૪ અથવા માર્ચ-૨૦૨૫ અથવા જુલાઇ-૨૦૨૫ અથવા માર્ચ-૨૦૨૬ અથવા જુલાઇ-૨૦૨૬ની પરીક્ષા દરમ્યાન પ્રથમવાર આપવામાં આવેલ SID (દા.ત.19G-XXXXXX અથવા 20G-XXXXX અથવા 21G-XXXXX અથવા 22G-XXXXXX અથવા 23G-XXXXXX અથવા 24G-XXXXXX અથવા 25G-XXXXXX અથવા 26G-XXXXXX)ના ફીલ્ડમાં SID ભરી બાજુમાં ક્લીક કરવાથી વિદ્યાર્થીના નામની વિગત, ગ્રુપની વિગત, મીડીયમની વિગત, અગાઉ આપેલ પરીક્ષા અને તેના પરીણામની વિગત, જે વિષયોમાં અનુત્તિર્ણ હોય તે વિષયોની વિગત તથા તેમાં Appear થવા માટે Yes ની વિગત, કુલ વિષયોની વિગત આપોઆપ જ ભરાય જશે. ઉપરોકત વિગતમાં જો કોઇ વિસંગતતા હોય તો ફોર્મ ભર્યા બાદ નાયબ નિયામકશ્રી(પરીક્ષા) સામાન્ય પ્રવાહ ને ગાંધીનગર ખાતે રૂબરૂ મળીને સ્પષ્ટતા તથા સુધારો કરવાનો રહેશે.

૫) માર્ચ-૨૦૧૮ માં પ્રથમવાર ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહ/ ઉ.ઉ.બુનિયાદી પ્રવાહની પરીક્ષા નિયમિત ઉમેદવાર તરીકે આપી હોય અને અનુત્તિર્ણ(નાપાસ) રહ્યા હોય અને ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૭ માં રીપીટર તરીકે પરીક્ષા આપવા ઇચ્છતા હોય તેવા રીપીટર **વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ Option Select કરવા**. (Example: SID Number :18G–XXXXXX)

Type of Student : Repeater
Stream : : સામાન્ય પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહ/ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ
Group : લાગુ પડતુ હોય તે

Year of First attempt for standard 12th : 2018

માર્ચ-૨૦૧૮ દરમ્યાન આપવામાં આવેલ SID (દા.ત.18G-XXXXXX) નંબર ભરવાનો રહેશે. ત્યારબાદ રાબેતા મુજબનું સંપૂર્ણ આવેદનપત્ર તમામ વિગતો સાથે તમામ દસ્તાવેજો ચકાસી ભરવાનું રહેશે જેમાં અગાઉ આપેલ પરીક્ષાની માહિતી તથા જે વિષયમાં ઉપસ્થિત થવાનું છે તેની માહિતી ભરવાની રહેશે.

૬) માર્ચ-૨૦૧૭ અને તે પહેલા પ્રથમવાર ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ / વ્યવસાયલક્ષી પ્રવાહ / ઉ.ઉ.બુનિયાદી પ્રવાહની પરીક્ષા નિયમિત ઉમેદવાર તરીકે આપી હોય તેવા રીપીટર **વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ Option Select કરવા**. (જેની પાસે SID Number નથી તેવા વિદ્યાર્થીઓ)

Type of Student : Repeater
Stream : : સામાન્ય પ્રવાહ/ વ્યવસાયલક્ષી પ્રવાહ / ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ
Group : લાગુ પડતુ હોય તે

Year of First attempt for standard 12th : 2017 અથવા તે પહેલા જયારે પણ પ્રથમવાર ધોરણ-૧૨ની સામાન્ય પ્રવાહ / વ્યવસાયલક્ષી પ્રવાહ / ઉ.ઉ.બુનિયાદી પ્રવાહની પરીક્ષામાં ઉપસ્થિત થયા હોય તે વર્ષ Select કરવું

ત્યારબાદ રાબેતા મુજબનું આવેદનપત્ર તમામ વિગતો તમામ દસ્તાવેજો ચકાસી ભરવાનું રહેશે

- **પૃથ્થક**

૭) ધો-૧૨ની પરીક્ષા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી આપી હોય અને ઉત્તિર્ણ (પાસ) થયેલ હોય અને કોઇ ખાસ વિષયની પરીક્ષા પૃથ્થક ઉમેદવાર તરીકે આપનાર હોય તેવા વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ Option Select કરવા.

Type of Student : Isolated
Stream : : Std 12th-General
Group : General

ત્યારબાદ રાબેતા મુજબનું આવેદનપત્ર તમામ વિગતો તમામ દસ્તાવેજો ચકાસી ભરવાનું રહેશે.

ખાસ નોંધ : આઇ.ટી.આઇ પાસ વિદ્યાર્થીઓ માટે આઇ.ટી.આઇ પાસની વિગતની સામે **" yes "** select કરવાનું રહેશે અને આઇ.ટી.આઇ.ની વિગતો ભરવાની રહેશે.

- **GSOS નિયમિત**

૮) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૦ની પરીક્ષામાં પ્રથમવાર માર્ચ-૨૦૧૮ અથવા માર્ચ-૨૦૧૯ અથવા માર્ચ-૨૦૨૦ અથવા વર્ષ-૨૦૨૧ અથવા માર્ચ-૨૦૨૨ અથવા માર્ચ-૨૦૨૩ અથવા માર્ચ-૨૦૨૪ અથવા માર્ચ-૨૦૨૫ માં ઉપસ્થિત થયા હોય એટલે કે ધોરણ-૧૦ માટેનો SID Number (Example:- 18S-99-99999 અથવા 19S-99-99999 અથવા 20S-99-99999 અથવા 21S-99-99999 અથવા 22S-99-99999 અથવા 23S-99-99999 અથવા 24S-99-99999 અથવા 25S-99-99999) ધરાવતા હોય અને માર્ચ-૨૦૧૮ ,જુલાઇ-૨૦૧૮, માર્ચ-૨૦૧૯, જુલાઇ-૨૦૧૯ ,માર્ચ-૨૦૨૦ ,જુલાઇ-૨૦૨૦ અથવા વર્ષ-૨૦૨૧, માર્ચ-૨૦૨૨, જુલાઇ-૨૦૨૨, માર્ચ-૨૦૨૩ અથવા જુલાઇ-૨૦૨૩, માર્ચ-૨૦૨૪ અથવા જુલાઇ-૨૦૨૪ અથવા માર્ચ-૨૦૨૫ અથવા જુલાઇ-૨૦૨૫ માં ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરેલ હોય અને શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭ માં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના GSOS નિયમિત(GSOS Regular) વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ Option Select કરવા

Type of Student : Regular GSOS
Stream : : Std 12th-General
Group : General
Std 10th Passing board: GHSEB
First Appearing Year For Std 10th: 2018 અથવા 2019 અથવા 2020 અથવા 2021 અથવા 2022 અથવા 2023 અથવા 2024 અથવા 2025

ત્યારબાદ ધોરણ-૧૦નો SID Number (Example:- 18S-99-99999 અથવા 19S-99-99999 અથવા 20S-99-99999 અથવા 21S-99-99999 અથવા 22S-99-99999 અથવા 23S-99-99999 અથવા 24S-99-99999 અથવા 25S-99-99999) ભરવાનો રહેશે.

ઉપરોકત વિગતો ભરવાથી વિદ્યાર્થીનું પુરુ નામ, જન્મ તારીખ, ધોરણ-૧૦ પાસ કર્યાનો મહિનો-વર્ષ, બેઠક નંબર, બોર્ડ, શાળાનો ઇન્ડેક્ષ નંબર જેવી માહિતી આપોઆપ ભરાઇ જશે, જે ચકાસી વિદ્યાર્થીની ધોરણ-૧૦ની અસલ માર્કશીટ સાથે સરખાવી આવેદનપત્ર ભરવાનું રહેશે. જો આ માહિતીમાં કોઇ વિસંગતતા જણાય તો માધ્યમિક વિભાગના નાયબ નિયામકશ્રી (પરીક્ષા)નો સંપર્ક કરવાનો રહેશે.

૯) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ધોરણ-૧૦ ની પરીક્ષામાં પ્રથમવાર માર્ચ-૨૦૧૭ કે તે પહેલા ઉપસ્થિત થયા હોય એટલે કે ધોરણ-૧૦નો SID Number ના ધરાવતા હોય અને શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭ માં ધોરણ-૧૨ માં પ્રથમવાર સામાન્ય પ્રવાહના GSOS નિયમિત વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ Option Select કરવા

Type of Student : Regular GSOS

Stream : : Std 12th-General

Group : General

Std 10th Passing board: GSHSEB

First Appearing Year For Std 10th: 2017 અથવા તે પહેલા જયારે પણ પ્રથમવાર ધોરણ-૧૦ની પરીક્ષામાં ઉપસ્થિત થયા હોય તે વર્ષ Select કરવું.

ત્યારબાદ રાબેતા મુજબનું આવેદનપત્ર તમામ વિગતો સાથે ભરવાનું રહેશે.

[જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ની પરીક્ષા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી રીપીટર વિદ્યાર્થી તરીકે વર્ષ-૨૦૧૮ કે ત્યારબાદ પાસ કરેલ હોય તેઓએ **Standard 10th passing information** માં Std 10th Exam Cleared in first attempt ? ની સામે **No** Select કરવાનું રહેશે અને ફોમમાં તમામ માહિતી ભરવાની રહેશે.]

૧૦) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના **અન્ય સમકક્ષ બોર્ડમાંથી ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરેલ હોય** અને શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭ માં ધોરણ-૧૨ માં સામાન્ય પ્રવાહની પરીક્ષા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી GSOS નિયમિત ઉમેદવાર તરીકે પરીક્ષા આપનાર હોય તેવા વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ Option Select કરવા.

Type of Student : Regular GSOS

Stream : : Std 12th-General

Group : General

Std 10th Passing board: List માંથી જે તે બોર્ડ Select કરવું

ત્યારબાદ રાબેતા મુજબનું આવેદનપત્ર તમામ વિગતો તમામ દસ્તાવેજો ચકાસી ભરવાનું રહેશે.

- **GSOS રીપીટર**

૧૧) માર્ચ-૨૦૧૯ અથવા માર્ચ-૨૦૨૦ અથવા જુલાઇ-૨૦૨૧ અથવા માર્ચ-૨૦૨૨ અથવા માર્ચ-૨૦૨૩ અથવા માર્ચ-૨૦૨૪ અથવા જુલાઇ-૨૦૨૪ અથવા માર્ચ-૨૦૨૫ અથવા જુલાઇ-૨૦૨૫ અથવા માર્ચ-૨૦૨૬ અથવા જુલાઇ-૨૦૨૬ માં પ્રથમવાર ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા GSOS Regular(ખાનગી) ઉમેદવાર તરીકે આપી હોય અને અનુત્તિર્ણ(નાપાસ) રહ્યા હોય અને ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૭ માં GSOS રીપીટર **વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ Option Select કરવા**.(Example: SID Number:19G–XXXXXX અથવા 20G–XXXXXX અથવા 21G-XXXXXX અથવા 22G-XXXXXX અથવા 23G-XXXXXX અથવા 24G-XXXXXX અથવા 25G-XXXXXX અથવા 26G-XXXXXX)

Type of Student : GSOS Repeater
Stream : : Std 12th-General
Group : General
Year of First attempt for standard 12th : 2019 અથવા 2020 અથવા 2021 અથવા 2022 અથવા 2023 અથવા 2024 અથવા 2025 અથવા 2026 જે લાગુ પડતુ હોય તે

માર્ચ-૨૦૧૯ અથવા જુલાઇ-૨૦૧૯ અથવા માર્ચ-૨૦૨૦ અથવા જુલાઇ-૨૦૨૦ અથવા વર્ષ-૨૦૨૧ અથવા માર્ચ-૨૦૨૨ અથવા જુલાઇ-૨૦૨૨ અથવા માર્ચ-૨૦૨૩ અથવા જુલાઇ-૨૦૨૩ અથવા માર્ચ-૨૦૨૪ અથવા જુલાઇ-૨૦૨૪ અથવા માર્ચ-૨૦૨૫ અથવા જુલાઇ-૨૦૨૫ અથવા માર્ચ-૨૦૨૬ અથવા જુલાઇ-૨૦૨૬ ની પરીક્ષા દરમ્યાન આપવામાં આવેલ SID(દા.ત.19G-XXXXXX અથવા 20G–XXXXXX અથવા 21G-XXXXXX અથવા 22G-XXXXXX અથવા 23G-XXXXXX અથવા 24G-XXXXXX અથવા 25G-XXXXXX અથવા 26G-XXXXXX)ના ફીલ્ડમાં SID ભરી બાજુમાં ક્લીક કરવાથી વિદ્યાર્થીની નામની વિગત, ગ્રુપની વિગત, મીડીયમની વિગત, અગાઉ આપેલ પરીક્ષા અને તેના પરીણામની વિગત, જે વિષયોમાં અનુત્તિર્ણ હોય તે વિષયોની વિગત તથા તેમાં Appear થવા માટે Yes ની વિગત, કુલ વિષયોની વિગત આપોઆપ જ ભરાય જશે. ઉપરોકત વિગતમાં જો કોઇ વિસંગતતા હોય તો ફોર્મ ભર્યા બાદ પરીક્ષા નાયબ નિયામકશ્રી(પરીક્ષા) સામાન્ય પ્રવાહ ને ગાંધીનગર ખાતે રૂબરૂ મળીને સ્પષ્ટતા તથા સુધારો કરવાનો રહેશે.

૧૨) માર્ચ-૨૦૧૮ માં પ્રથમવાર ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા GSOS નિયમિત ઉમેદવાર તરીકે આપી હોય અને અનુત્તિર્ણ(નાપાસ) રહ્યા હોય અને ફેબ્રુઆરી-૨૦૨૭ માં GSOS રીપીટર **વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ Option Select કરવા**.

(Example : SID Number : 18G-XXXXXX)
Type of Student : Repeater GSOS
Stream : : Std 12th-General
Group : General
Year of First attempt for standard 12th : 2018

માર્ચ-૨૦૧૮ દરમ્યાન આપવામાં આવેલ SID (દા.ત.18G-XXXXXX) નંબર ભરવાનો રહેશે. ત્યારબાદ રાબેતા મુજબનું સંપૂર્ણ આવેદનપત્ર તમામ વિગતો તમામ દસ્તાવેજો ચકાસી ભરવાનું રહેશે જેમાં અગાઉ આપેલ પરીક્ષાની માહિતી તથા જે વિષયમાં ઉપસ્થિત થવાનું છે તેની માહિતી ભરવાની રહેશે.

૧૩) માર્ચ-૨૦૧૭ અને તે પહેલા પ્રથમવાર ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા GSOS નિયમિત ઉમેદવાર તરીકે આપી હોય તેવા GSOS રીપીટર **વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા નીચે મુજબ Option Select કરવા**.(જેની પાસે SID Number નથી તેવા વિદ્યાર્થીઓ)

Type of Student : Repeater GSOS

Stream : : Std 12th-General

Group : General

Year of First attempt for standard 12th : 2017 અથવા તે પહેલા જયારે પણ પ્રથમવાર ધોરણ-૧૨ની સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ઉપસ્થિત થયા હોય તે વર્ષ Select કરવું

ત્યારબાદ રાબેતા મુજબનું આવેદનપત્ર તમામ વિગતો તમામ દસ્તાવેજો ચકાસી ભરવાનું રહેશે.

રીપીટર અને GSOS રીપીટર વિદ્યાર્થીઓ માટે ખાસ નોંધ:-

જો કોઇ અનુત્તિર્ણ વિદ્યાર્થી તમામ વિષયમાં ફરીથી બેસવા માંગતો હોય તો "Tick Here, To Appear in All Subjects" ની સામે ટીક કરી સિલેકટ કરવાનું રહેશે. આવું કરવાથી તમામ વિષયની સામે Appear ની સામે "Yes" થઇ જશે. જે ચકાસી લેવું.

આવેદનપત્ર ભરવા માટેની સામાન્ય સુચના

- **Student's General Information:-**

જે કિસ્સામાં જે માહિતી આપોઆપ ભરાઇને આવતી નથી તે માહિતી ભરવા માટેની સામાન્ય સુચનાઓ નીચે મુજબ છે.

- ✓ વિદ્યાર્થીના **નામની વિગત**, **Date of Birth અને Joining Date in School** ટાઇપ કરવાનું ફરજીયાત છે.
- ✓ Student Id અને Application No.માં આચાર્યશ્રીએ કોઇ પણ એન્ટ્રી કરવાની રહેશે નહી. ફોર્મ save કર્યા પછી કોમ્પ્યુટરમાં પોતાની મેળે Student ID અને એપ્લીકેશન નંબર ફાળવશે. સ્કુલ **Joining Date in School** માં ઉચ્ચતર માધ્યમિક શાળામાં દાખલ થયા મુજબની તારીખ એન્ટર કરવી.
- ✓ વિદ્યાર્થીએ જે **Medium** માં અભ્યાસ કર્યો હોય અને પરીક્ષા આપવાનો હોય તે **Medium Select** કરવું.
- ✓ **Fathers Profession** અને **Fathers Income** માં યોગ્ય માહિતી **Select** કરી ભરવી.
- ✓ **G.R.No.** માં જે-તે વિદ્યાર્થીનો **HSC** માટેનો **G.R. No.** લખવો ફરજીયાત છે.
- ✓ **Male / Female** ના યોગ્ય **Button** પર **Click** કરી **Select** કરવું.

- ✓ પરીક્ષાર્થીનો **Aadhar Card Number** તેના બોક્ષમાં ભરવાનો રહેશે. **(Aadhar Card Number ભરવો ફરજીયાત નથી).**
- ✓ **Domicile** માં વિદ્યાર્થીએ મુળવતન **Select** કરવાનું રહેશે.
- ✓ જો વિદ્યાર્થી **BPL** વિદ્યાર્થી હોય તો **BPL** પર **(Yes) Select** કરી **BPL Card Number Enter** કરવાનો રહેશે.
- ✓ જો ઉમેદવાર **Minority Candidate** હોય તો **(Yes) Select** કરી જે-તે વિકલ્પ **Select** કરવાનો રહેશે.
- ✓ જો વિદ્યાર્થી વિધવા માતાનું સંતાન હોય તો **(Yes) Select** કરવાનું રહેશે.
- ✓ Child UID (CTS) માં ૧૮ આંકડાનો SSA ની Child Tracking System મુજબ વિદ્યાર્થીનો જે નોંધણી નંબર હોય તે ભરવાનો રહેશે. (આ માહિતી ભરવી ફરજીયાત છે.)

  નોંધ:- Child UID Number ભરવાથી Child Tracking System(CTS) માં આપના દ્વારા ભરવામાં આવેલ વિદ્યાર્થીના નામ મુજબનું નામ દેખાશે. જો Child Tracking System(CTS) મુજબના તેના નામમાં કોઇ સુધારો હોય અને Child Tracking System(CTS) માં સુધારો કરાવવાનો થતો હોય તો તેવા કિસ્સામાં તાલુકા કક્ષાએ BRC ભવન ખાતે કામ કરતા બ્લોક MIS નો સંપર્ક કરી Child Tracking System(CTS) માં નામ સુધારો કરી શકશો. Child Tracking System(CTS) માંથી દર્શાવેલ વિદ્યાર્થીનું નામ ફકત આપની જાણ અને ચકાસણી માટે છે. જેથી વિદ્યાર્થીનો Child UID Number ભરવામાં ભૂલ થવાની શક્યતા રહે નહીં.

<u>GSOS ના નિયમીત વિદ્યાર્થી માટે ખાસ નોંધ</u>:-

GSOS ના નિયમિત(પ્રથમવાર ઉપસ્થિત થનાર) વિદ્યાર્થીઓનું બોર્ડની પરીક્ષાનું આવેદનપત્ર ભરતા પહેલા નજીકની શાળાનો સંપર્ક કરી SSA GUJARAT (ssa.gujarat.org) ની child tracking system મારફતે GSOS(Gujarat State Open School) ના ઉમેદવાર તરીકે રજીસ્ટ્રેશન કરી Child Tracking નંબર મેળવવાનો રહેશે.

- ➢ **<u>Contact Information:-</u>**
  - ✓ કોન્ટેક્ટ ઇનફોર્મેશનમાં વિદ્યાર્થીના રહેઠાણનું સરનામું **Father's/ Mother's/ Guardian's Permanent Address** ના કોલમમાં ગામનો પીનકોડ, જિલ્લાના નામ દર્શાવવું.

- ➢ **<u>Physical Disability Information:-</u>**
  - ✓ **Physical Disability Detail** માં જો ઉમેદવાર 40% થી વધુ વિકલાંગતા ધરાવતા હોય તો Is Disabled? ના સામે YES માં ક્લીક કરવું. ત્યારબાદ DISABILITY ટાઇપમાં ચારમાંથી જે લાગુ પડતુ હોય તે ડ્રોપબોક્ષમાંથી સીલેક્ટ કરી ક્લીક કરવાનું રહેશે. વિકલાંગતાનું પ્રમાણપત્ર save કરેલ હોય ત્યાંથી બ્રાઉઝના બોક્ષ પર ક્લીક કરીને તેજ ફાઇલમાં અપલોડ કરવાનું રહેશે તથા Image ની Size 20 KB થી વધુ અને 200 KB થી ઓછી હોવી જોઇએ.

- **Standard 10th passing information:-**
  - ✓ વિદ્યાર્થીઓએ પાસ કરેલ SSC બોર્ડની પરીક્ષાની માહિતી ભરવાની રહેશે. જેમ કે પાસ કરેલ પરીક્ષાનો વર્ષ, કયા બોર્ડમાંથી SSC પરીક્ષા પાસ કરેલ છે, તે સીટ નંબર લખવું ફરજીયાત છે. તેમજ Handicap નો લાભ મળેલ હોય તે પણ દર્શાવવાનું રહેશે. અન્ય બોર્ડમાંથી આવેલ વિદ્યાર્થીઓના માઇગ્રેશન સર્ટીફીકેટ તથા સમકક્ષતા સર્ટીફીકેટ/જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર upload કરવાના રહેશે. બંને સર્ટીફીકેટ ની Size 5 KB થી વધુ અને 100 KB થી ઓછી હોવી જોઇએ.
- **Standard 11th passing Information**:-
  - ✓ ધોરણ ૧૧ પાસ થયાની વિગત ભરવાની રહેશે. જેમ કે પાસ કરેલ પરીક્ષાનો મહિનો, વર્ષ અને સ્કુલનો Index Number અને Group સીલેકટ કરી ભરવાનું રહેશે.
- **Select Subject for current Exam :-**
  - ✓ Subject Group અને Subject માં દર્શાવેલ Subject પર ક્લીક કરતા Subject Code અને Language ઓટોમેટીક દેખાશે. **(નોંધ:- શાળાએ વિદ્યાર્થીના Subject અને Group ધ્યાનથી અને ચોકસાઈપૂર્વક Select કરવાના રહેશે.)** Subject Select કર્યા બાદ વિદ્યાર્થીઓ દ્વારા કુલ કેટલા Subject સિલેક્ટ કર્યા છે તે ટોટલ Subject ના ખાનામાં દેખાશે. તેમજ તેમાંથી કેટલા Subject થીયરીના અને પ્રેક્ટીકલના છે તે પણ અલગ-અલગ દેખાશે.
  - ✓ માધ્યમ સિલેકટ કર્યા બાદ વિદ્યાર્થીઓના વિષય જુથ (ગ્રુપ) મુજબના વિષયો સિલેકટ કરવાના રહેશે. દા.ત. ગુજરાતી માધ્યમના વિષયો માટે
    - (1) ગ્રુપ-1 માટે ૦૧૩ ENGLISH S.L
    - (2) ગ્રુપ-2 માટે ૦૦૧ GUJARATI.F.L
    - (3) ગ્રુપ-3 માંથી બે વિષય પંસદ કરવા
    - (4) ગ્રુપ-4 માંથી ત્રણ વિષય પસંદ કરવા
  - ✓ ઉપર જણાવેલ વિષયો ગુજરાતી માધ્યમના છે. તે જ પ્રમાણે અન્ય મિડિયમ ચાલતી શાળાઓ માટે FIRST LANGUAGE & SECOND LANGUAGE મિડિયમ મુજબ રહેશે. પ્રાયોગિક વિષય હોય તો ૮ મા વિષય તરીકે દર્શાવવો.
  - ✓ Practical Subject(પ્રાયોગિક વિષય) હોય તો તે Theory Subject(સૈદ્ધાંતિક વિષય) Select કરતી વખતે Computer દ્વારા જાતે જ ફાળવવામાં આવશે. જેની ચકાસણી કરવી. ધો-૧૦ ની માર્કશીટ Browse કરી Add કરવી ફરજીયાત છે.
- **વિદ્યાર્થીના ફી નો દર નીચે મુજબ છે.**

1.	નિયમિત વિદ્યાર્થી	૩.૬૨૦/- ફી
2.	નિયમિત રીપીટર (એક વિષય)	૩.૧૭૫/-ફી
3.	નિયમિત રીપીટર (બે વિષય)	૩.૨૮૦/-ફી
4.	નિયમિત રીપીટર (ત્રણ વિષય)	૩.૩૬૦/-ફી
5.	નિયમિત રીપીટર (ત્રણ વિષય કરતા વધારે)	૩.૬૨૦/-ફી
6.	પૃથ્થક ઉમેદવાર (એક વિષય)	૩.૧૭૫/-ફી

7. પૃથ્થક ઉમેદવાર (બે વિષય) રૂ.૨૮૦/-ફી
8. પૃથ્થક ઉમેદવાર (ત્રણ વિષય) રૂ.૩૬૦/-ફી
9. GSOS ઉમેદવાર (નિયમિત) રૂ.૬૨૦/- ફી
10. GSOS રીપીટર (એક વિષય) રૂ.૧૭૫/-ફી
11. GSOS રીપીટર (બે વિષય) રૂ.૨૮૦/-ફી
12. GSOS રીપીટર (ત્રણ વિષય) રૂ.૩૬૦/-ફી
13. GSOS રીપીટર (ત્રણ કરતા વધુ વિષય) રૂ.૬૨૦/-ફી

<u>નોંધ</u>:- ઉપરોકત દર્શાવેલ ફી ઉપરાંત પ્રાયોગિક વિષયની વિષયદીઠ ફી રૂ.૧૦/- રહેશે.

- **<u>ફી સંદર્ભે ખાસ સૂચના:-</u>**
  - ✓ વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફી લેવાની થતી નથી. વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓના ફોર્મમાં તેની પરીક્ષા ફી ની વિગત ચકાસી લેવી જે શૂન્ય રહેશે. આ રકમ આપને Fee Reportમાં આપોઆપ બાદ થયેલ (Exemption For ની નીચે) દેખાશે અને કુલ બાદ મળેલ રકમ(Total Amount Exempted ની સામે) દેખાશે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ, દિવ્યાંગ વિદ્યાર્થીનીઓ અને અન્ય વિદ્યાર્થીનીઓની બાદ થયેલી રકમનો રીપોર્ટ ઉપરના મેન્યુ માં રીપોર્ટ સેકશનમાં Fee Exemption Report ની અંદર દેખાશે. જે Download કરી આપની પાસે સાચવી રાખવાની રહેશે.
  - ✓ શાળા દ્વારા અગાઉ ઓનલાઇન અથવા ચલણથી ભરવામાં આવેલ(તથા બોર્ડ દ્વારા verify કરવામાં આવેલ) રકમ Total Amount Paid ની સામે દેખાશે.(ફી ભર્યાના ૪૮ કલાકમાં ફી ચુકવણાની વિગત Fees Report" માં તથા Payment option માં જઇ Fees Payment Detail" માં Receipt જોઇ શકાશે.
  - ✓ નીચેનામાંથી કોઇપણ પ્રકારની વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓની ફી લેવાની થતી નથી.
    - i. Regular
    - ii. Repeater
    - iii. Isolated
    - iv. Regular GSOS
    - v. Repeater GSOS

- **<u>Certificate:-</u>**

✓ પ્રવેશ મેળવતી વખતે રજુ કરેલ SSC ની માર્કશીટ અપલોડ કરવી ફરજીયાત છે. જે Browse પર ક્લીક કરી Upload પર ક્લીક કરી Upload કરવાની રહેશે.

✓ અન્ય બોર્ડના વિદ્યાર્થીઓએ જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે.

- **<u>Candidate Sign:-</u>**

✓ CANDIDATE SIGN – BROWSE કરી UPLOD કરવી.

ત્યારબાદ ફોર્મ save કરવું.

- ✓ **Save** કર્યા પછી વિદ્યાર્થીનો I.D. NO. નોટ કરી લેવો. શાળાના અન્ય વિધાર્થીનુ ફોર્મ ભરવા માટે Add New Record ના બટન પર ક્લીક કરવાનુ રહેશે. આ રીતે એક પછી એક વિધાર્થી ના ફોર્મ ભરી શકાશે.

  ફી Detail ની અંદર નિયત ફી દેખાશે.

- ✓ Student Application No. અને Student Id આ બન્ને નંબરો આપની કક્ષાએ નોંધી રાખવાના રહેશે.

- **Student I.D – 00/0001/01/27/000001**
  (છેલ્લા ૬ અંક G.R. નંબર છે)

  Student Application no. (એપ્લીકેશન ક્રમ નંબર): HG/RG/00/0001/01/27/000001

- ➢ **<u>Application ની Print લેવા માટે :-</u>**
  - ✓ મુખ્ય પેજ ઉપર આવેલ Menu Bar પર આવેલા Options માંથી Principal Approval પર click કરવું.
  - ✓ Exam, month and year અને વિદ્યાર્થીની કોઈ પણ વિગત Select અથવા એન્ટર કરવી અને Search પર ક્લીક કરવુ. નીચે બોક્ષમાં વિદ્યાર્થીઓની તમામ વિગતો Student. I.D, STD., Application No. વગેરે દેખાશે. જેને view પર કલીક કરી ત્યારબાદ પ્રિન્ટ પર કલીક કરી શાળાએ વિદ્યાર્થીના આવેદનપત્રની પ્રિન્ટ કાઢવાની રહેશે. ત્યારબાદ view પર ક્લીક કરવુ. અને print પર ક્લીક કરવુ. Principal Approval કરવા માટે Principal Approval સામેના ચેક બોકસ પર કલીક કરવુ. માત્ર Principal Approval વાળા વિદ્યાર્થીઓની યાદી જ માન્ય ગણવામાં આવશે**. Principal Approval કરેલ ન હોય તેવા ઉમેદવારોને પરીક્ષાને પાત્ર ગણવામાં આવશે નહી અને હોલ ટીકીટ ફાળવવામાં આવશે નહી.**

- ➢ **<u>Application માં Edit કરવા માટે:-</u>**

  એપ્લીકેશન Edit કરવા માટે Menu bar માં Search and Edit માં જવું અને HSC General અને Exam Month and Year **<u>Year – 2027</u>** સીલેક્ટ કરી search પર ક્લીક કરવું. પછી Edit પર ક્લીક કરવુ અને application edit કર્યા પછી Save પર ક્લીક કરવુ.

  - ✓ Principal Approval ન થયા હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા ફોર્મના ઉપરના ભાગે દેખાશે.
  - ✓ Principal Approval ન થયા હોય તેવા વિદ્યાર્થીઓનો સમાવેશ ચલાણમાં થશે નહી જેની નોંધ લેવી.

<u>ખાસ નોંધ</u>:

- ➢ શાળાના આચાર્યશ્રીને ખાસ જણાવવાનું કે ઓનલાઇન વિદ્યાર્થી રજીસ્ટ્રેશન બાદ ફાઇનલ એપ્રુવલ કરતાં પહેલાં આવેદનપત્રની નકલ કાઢી વર્ગશિક્ષક, વિદ્યાર્થી અને વાલી પાસે સંપૂર્ણ ચકાસણી કરાવી વિદ્યાર્થી અને વાલી દ્વારા આપવામાં આવેલ માહિતી સાચી છે અને તેઓની માહિતીનો ઉપયોગ બોર્ડ દ્વારા પરીક્ષા અને તેને સંબંધિત કાર્યવાહી માટે કરવામાં આવશે તે માટેની સમજૂતી આપી, સંમતિ(Consent) મેળવી તેની સામે કાઉન્ટર સહી લઇ એક નકલ શાળા કક્ષાએ રાખવાની રહેશે.(જો કોઇ ઉમેદવાર પાંચથી વધુ માર્કશીટ ધરાવતો હોય તો

તેની તમામ માર્કશીટ સ્કેન કરી શાળાના રેકર્ડમાં રાખવાની રહેશે અને ઓનલાઇન ફકત છેલ્લી ૧(એક) માર્કશીટ અપલોડ કરવાની રહેશે.)

- ઉપરોકત બાબતે વિદ્યાર્થી અને વાલીને આવેદનપત્ર ભરી સમજણ આપી જાણ કરવાની રહેશે અને ફોર્મની નકલ વિદ્યાર્થીને આપવાની રહેશે.

<u>અભ્યાસક્રમ અંગેની ખાસ નોંધ</u>:-

- તમામ પ્રકારના(રેગ્યુલર, રીપીટર, GSOS રેગ્યુલર, GSOS રીપીટર અને પૃથક(Isolated) પરીક્ષાર્થીઓ માટે વિષયકોડ ૦૦૨(હિન્દી પ્રથમ ભાષા) અને ૦૦૬(અંગ્રેજી પ્રથમ ભાષા) માટે NCERT દ્વારા ઘટાડેલા અભ્યાસક્રમ મુજબનો માર્ચ-૨૦૨૪ ની પરીક્ષાથી અમલી અભ્યાસક્રમ ફેબ્રુઆરી-૨૦૨૭ ની પરીક્ષા માટે પણ અમલી રહેશે.
- ઉપરોકત અભ્યાસક્રમ બાબતે વિદ્યાર્થી અને વાલીને આવેદનપત્ર ભરી સમજણ આપી જાણ કરવાની રહેશે.

<u>Payment :-</u>

Payment Option માં (Enrolment અને Registration Fees) માં જઇ ધોરણ-૧૧ માં જે તે પ્રવાહમાં નોંધાયેલા વિદ્યાર્થીની સંખ્યા તથા ધોરણ-૧૨માં જે તે પ્રવાહની કુલ વર્ગોની સંખ્યા ભરવાની રહેશે. Fee Report માં કુલ ભરવાની થતી રકમ ચકાસીને તે મુજબની ફી SBI e-Pay ના Online તથા SBI E-Pay ના Branch Payment Option મારફતે ભરવાની રહેશે. (Payment માટેની આ નવી પધ્ધતિ માટેની સૂચના અલગથી વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.)

<u>શાળાએ નીચે મુજબના Documents સાચવી રાખવાના રહેશે અને બોર્ડ સૂચના આપે ત્યારે રજૂ કરવાના રહેશે.</u>

<u>1. School Registration Confirmation</u>

Online School Registration ના ફોર્મમાં શાળાએ પોતાની હાલની માહિતી Update કરી બોર્ડને પ્રિન્ટ બોર્ડ જણાવે ત્યારે મોકલી આપવાની રહેશે. Save Button ની નીચે Confirmation નુ ચેક બોકસમાં ટીક કરવાનુ રહેશે.

<u>2. Student Registration Form</u>

વિદ્યાર્થીના Registration Form ની એક કોપી શાળાએ પોતાની પાસે યાદીમાં રાખવી. અને વિદ્યાર્થીઓની યાદીનો Report પ્રિન્ટ કરી સાચવી રાખવાની રહેશે. (બોર્ડ જણાવે ત્યારે રજૂ કરવાની રહેશે.)

- વિકલાંગ વિદ્યાર્થીના વિકલાંગતા સર્ટીફીકેટ વિગેરે ચકાસી ખરી નકલ કરી (બોર્ડ જણાવે ત્યારે રજૂ કરવાની રહેશે).
- ગુજરાત બોર્ડ સિવાયના બોર્ડમાંથી ધોરણ-૧૦ પાસ કરીને આવેલ વિદ્યાર્થીના ગુણપત્રક/પ્રમાણપત્ર/માઇગ્રેશન વિગેરે ખરાઇ કરી તેની નકલો (બોર્ડ જણાવે ત્યારે મોકલી આપવાની રહેશે.).

3. **<u>SBI E-Pay Receipt Copy</u>**

શાળા દ્વારા ચૂકવાયેલ છેલ્લા Payment ની Receipt તથા Pending Fee 00 (શૂન્ય) વાળા Fees Report ની બે કોપી બોર્ડ જણાવે ત્યારે રજૂ કરવાની રહેશે.

નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર